વાવ-થરાદથી ઉપથી વધુ લોકોને સેમ્પલ માટે ડીસા લવાતા ઉહાપોહ

આરોગ્ય વિભાગની બેદરકારી સામે ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ જિલ્લા કલેકટરને રજુઆત કરી

સમગ્ર ભારતમાં કોરોના વાયરસ કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે, ગુજરાતમાં પણ કોરોના વાયરસના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાથી બચવા માટેની વિવિધ ગાઈડલાઈન પણ જારી કરવામાં આવી રહી છે. ભય અને દહેશત વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં પણ કોરોના વાયરસના કેસોમાં નોંધપાત્ર વધારો થતા આ વિસ્તાર 'હોટસ્પોટ' જાહેર થાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી રહી છે જેને લઈને સમગ્ર જિલ્લાની જનતા ચિંતામાં મૂકાઈ છે. ત્યારે ડીસાવાસીઓની ચિંતામાં વધારો થાય તેવી પ્રવૃતિ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે જેમાં તાજેતરમાં વાવ-થરાદ વિસ્તારમાં કોરોના કેસોમાં વધારો થયો છે છતાં આજે આરોગ્ય વિભાગ દ્વારા વાવ થરાદથી ૩૫ થી વધુ લોકોને એકસાથે લકઝરી બસમાં ભરી ડીસા કોવિડ હોસ્પિટલ ખાતે સેમ્પલ લેવા માટે લવાયા હતા જેનાથી સમગ્ર ડીસાના લોકોમાં ફફડાટ ફેલાયો હતો. એક તરફ હજુ સુધી ડીસા તાલુકામાં એકપણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી ત્યારે આ રીતે સ્થળ ઉપર જઈ સેમ્પલ લેવાની જગ્યાએ ડીસા ખાતે લાવવાની બાબતની જાણ ધારાસભ્ય શશીકાંત પંડ્યાને થતાં તાત્કાલિક અસરથી તેમણે જિલ્લા કલેકટરને આ બાબતની જાણ કરી હતી જ્યારે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા પોતાની જવાબદારી સમજીને આ લોકોને ડીસા કોવિડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હોવાની બાબત જાણવા મળી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે તમામ લોકોને માસ્ક હાથ મોજા પહેરાવીને લાવવામાં આવ્યા છે પરંતુ વડાપ્રધાન દ્વારા કોવિડ ૧૯ માં સોશિયલ ડિસ્ટન્સ જાળવવા કડક સુચનાઓ આપવામાં આવી હોવા છતાં પણ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા એક સાથે ૩૫ થી વધુ લોકોને લકઝરીમાં બેસાડીને લાવવા કેટલું યોગ્ય કહી શકાય? એટલું જ નહીં, એકજ બસમાં ખીચોખીચ ભરી લાવવામાં આવતા સોસીયલ ડિસ્ટન્સ પણ કેટલું જળવાયું હશે તે જોવાનું રહ્યું વળી આ તમામના સંપર્કમાં આવેલ લોકોને જે તે વિસ્તારમાં સ્થળ ઉપર જઈ તેમના બ્લડ સેમ્પલ પણ લઈ શકાયા હોત. તેમ છતાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ડીસા કોવિડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે તે કેટલું યોગ્ય કહેવાય? જ્યારે જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું અમલમાં છે જેમાં એક જગ્યા ઉપર ચાર માણસો ભેગા થઈ શકતાં નથી છતાં લકઝરીમાં ૩૫ થી વધુ લોકોને કેવી રીતે લાવવામાં આવ્યા? તેમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ થયો છે કે કેમ તે પણ એક તપાસનો વિષય છે જ્યારે બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગની બેદરકારી ડીસા શહેર માટે જોખમ ઉભું કરી શકે છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

બે વર્ષની કિયારાનો કોરોના સેફ્ટીની થીમ પર ઉજવાયો જન્મદિવસ

પપ્પાએ વિડીયો કોલથી વિશ કરી કહ્યું હેપ્પીવાલા બર્થ ડે : કોરોનાની જાગૃતિનો અને એકદમ સાદગીની સમજણ સાથે પોતાની લાડલીનો બર્થ ડેની ઉજવણી કરતા સાબરકાંઠા કલેકટર સી. જે. પટેલ

સમગ્ર વિશ્વ અને દેશ અત્યારે કોરોના વાયરસના મહામારીમાંથી પસાર થઈ રહ્યુ છે. ત્યારે

ગુજરાતના અમદાવાદમાં પણ કોરોના વાયરસના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તો એની સામે અડીખમ યોધ્ધા એવા આરોગ્યના તબીબો કોરોનાને ફાઈટ આપી રહ્યા છે.

એવા જ અમદાવાદના ડૉક્ટર દંપતીની બે વર્ષની દિકરી કિયારોનો ૨૩ એપ્રિલના રોજ બર્થ ડે હતો. લોકડાઉન શરૂ થતા જ પોતના નાના ને ઘરે આવેલી કિયારા અંહિ જ રોકાઈ ગઈ, કિયારાના સમજણ પછીનો આમ તો આ પ્રથમ જ બર્થ ડે હતો. તેમ છંતા ન કોઈ રોશની, ન કોઈ બર્થ ડે પાર્ટી માટે એકત્ર કરાયેલા બાળકો કે ના તેમના વાલીઓ, માત્ર ચાર લોકોની ઉપસ્થિતમાં ઉજવાયો આ બર્થ ડે. કોરોના વાયરસની જાગૃતિનો સંદેશ આપતો અને એકદમ સાદગી ભર્યો બર્થ ડે ઉજવવાની અનોખી પહેલ કરી છે સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી સી.જે. પટેલે

આ બર્થ ડેની વિશેષતા એ હતીકે જે કલરફૂલ બલૂન હતા તેની સાથે કોરોના વાયરસની જાગૃતિનો એક-એક સંદેશ જોડાયેલો હતો જેમ કે સામાજીક અંતર જાળવવુ, ઘરમાં જ રહેવુ, ફરજીયાત માસ્ક ધારણ કરવુ, વારંવાર હાથ ધોવા, કોઈ પણ વસ્તુનો સ્પર્શ કર્યા પછી હાથ સેનિટાઈઝ કરવા તેમજ ઘરમાં જ રહેવા અને સુરક્ષિત રહેવાની થીમ આવરી લેવાઈ હતી.તેમણે જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર દેશમાં કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવુ ખૂબ જ જરૂરી છે તેથી ઘરના માત્ર ચાર લોકોની ઉપસ્થિતિમાં જ આ બર્થ ડે સેલિબ્રેશન કરાયું. તો વળી લોકડાઉનના સમયમાં તમામ દુકાન બંધ કરાઈ છે તો ન કોઈ મોટી બેકરીમાંથી કેક મંગાવાવમાં

આવી પરંતુ ઘરે બનાવેલી સાદી કેકથી જન્મદિવસ ઉજવણી કરાઈ. કિયારાના પિતાએ વિડીયો કોલથી પોતાની બે વર્ષની દિકરીને બર્થ ડેની શુભેચ્છા પાઠવી.જિલ્લામાં લોકડાઉન અમલી છે ત્યારે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અવર-જવર પર પ્રતિબંધ છે, કાયદાની મર્યાદાનો ઉલ્લઘન ન થાય તે ખાસ ધ્યાન રખાઈ રહ્યુ છે તો પોતાના સ્વજન હોવા છંતા તેમાં કોઈ છૂટ ન આપી ને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

મોડાસા એપીએમસીમાં લોકડાઉન ભંગના દૃશ્યો સામે આવ્યા

વેપારી સંગઠનોના આંતરિક ડખામાં સ્થિતિનું નિર્માણ થયું હોવાની ચર્ચા

મોડાસા, તા. ૨૪

મોડાસા માર્કેટયાર્ડમાં શુક્રવારના રોજ ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાવાની સાથે લોકડાઉનનો સરેઆમ ભંગ થતો જોવા મળ્યો હતો. સરકાર બૂમો પાડી પાડીને કહે છે કે લોકડાઉનમાં જ રહો તો કોરોનાની ચેઈન તુટી જશે અને સંક્રમણ અટકશે. ત્યારે ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે શરતોને આધિન માર્કેટમાં પોતાની ઉપજ વેચવા માટે છુટ આપવામાં આવી હતી. પરંતુ છુટનો દુરુપયોગ થતો હોય તેમ મોડાસા એપીએમસી ખાતે શુક્રવારના રોજ ભારે ભીડ જોવા મળતાં સોશીયલ ડિસ્ટન્સના લીરે લીરા ઉડ્યા હતા.

શુક્રવારના રોજ મોડાસા માર્કેટયાર્ડમાં ભારે ભીડ જોવા મળી હતી. માર્કેટયાર્ડમાં ખેડૂતો અને વેપારીઓનો રીતસરનો જાણે મેળો લાગ્યો હોય તેમ લોકોની ભારે અવર જવર જોવા મળી હતી. જ્યારે ટ્રાફિક જામના પણ દ્રશ્યો

સર્જાયા હતા. આટલી બધી ભીડને જોઈ સોશીયલ ડિસ્ટન્સ અને લોકડાઉનના લીરેલીરા ઉડ્યા હતા. સમગ્ર ઘટના અંગે જાણે વહીવટીતંત્ર ના આંખ આડા કાન કર્યા હોય તેવો ભાસ થતો હતો. માર્કેટયાર્ડમાં ગ્રાહકો અને ખેડૂતોનો મેળાવડો જોવા મળ્યો હતો. ત્યારે આ જ રીતે જો ચાલતું રહેશે તો કોરોના સંક્રમણ વધે તો નવાઈ નહી.

અણીયોર ગામમાં વેપારીઓ દ્વારા લોકડાઉનના ધજાગરા

લોકડાઉન જાહેર કરવા પાછળનું કારણ એ છે કે કોરોના વાઈરસનું સંક્રમણ અટકે સાથે સરકારે લોકોને ખરીદ વેચાણ માટે થોડીગણી છુટ શરતોને આધિન આપી છે. પરંતુ લોકો બધું જ ભાન ભુલીને એક સામટા જોવા મળી રહ્યા છે ત્યારે સોશીયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે અણીયોર ગામમાં પણ વેપારીઓ દ્વારા લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા.

વેપારી સંગઠનોના આંતરિક ડખામાં સ્થિતિનું નિર્માણ થયું હોવાની ચર્ચા

ગઈકાલે મોડાસા માર્કેટયાર્ડ દ્વારા ૩૦ તારીખ સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ બીજા એક વેપારી સંગઠને આ બંધને સમર્થન આપ્યું ન હતું. ત્યારે શુક્રવારના રોજ માર્કેટયાર્ડમાં જામેલી ભીડને પગલે વેપારી સંગઠનોના આંતરિક ડખામાં આ સ્થિતિનું નિર્માણ થયું હોવાની પણ ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

કોરોના કહેર વચ્ચે બુટલેગર બેફામ

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે લક્ષ્મીપુરા ગામે એક બાઈક સવાર પોતાની બાઈક ન.જી.જે.૯.સીસી ૭૪૮૦ લઈ આવતા તેની તપાસ કરતા તેની પાસે ને ભારતીય બનવતાની વિદેશી દારૂની બે બોટલ કિંમત ૧૪૦૦ અને બાઈક રૂ. ૧૦૦૦૦ માલી કુલ ૧૧૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયો હતો.

ખેડબ્રહ્મા તાલુકા કિસાન સંઘ દ્વારા ખેડૂતોના સહયોગથી ૬૦૦ મણ અનાજ એકત્રીત કરી પ્રાન્તમાં મોકલ્યા

ઘઉ એકત્રીત કરી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિક્રમભાઈ વાઘેલાને સુપ્રત કરેલ. ઘઉનો બધો જથ્થો પ્રાન્ત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી.ગમારની નીગરાનીમા રવાના કરેલ અરવિંદભાઈ પટેલ અને ભારતીય કીસાન સંઘની પુરી ટીમનો સહયોગ હતો. ખેડબ્રહ્મા અનાજના વેઓરી ગણેશ ઓઈલ મીલના અનિલભાઈ ઠાકર અને ધરમેન્દભાઈ ઠાકરના સહયોગથી બધા જ ઘઉં મશીન દ્વારા સાફ કરી સેવાકાર્યમા મદદરૂપ થયા હતા.

ધનસુરાના છેવાડીયા ગામમાં વી.એચ.પી. આર.એસ.એસ. દ્વારા શાકભાજીનું વિતરણ

ધનસુરા તાલુકાના કોરોના વાઈરસ સંક્રમિત કેસ નોંધાયો છે. એવા છેવાડીયા ગામમાં ૧૦૦ ટકા લોકડાઉન હોવાથી ગામજનો માટે આજરોજ વિએચપી કાર્યકર ધ્વારા મોકલાવેલ લીલી શાકભાજીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૨-૪-૨૦૨૦ના રોજ ધનસુરા તાલુકાના જસવંતપુરા પંચાયતમાં આવતા છેવાડીયા ગામમાં જ્યાં સંપૂર્ણ લોખડાઉન છે અહીં એક મહિલા કોરોના વાઈરસ સંક્રમિત છે જેને લઈને છેવાડીયા ગામની પરિસ્થિતિ જાણવા વિશ્વ હિન્દુ પરિષદ-આર.એસ.એસ.ના કાર્યકર્તાઓ રજનીભાઈ પટેલ (વડાગામ), જીતુભાઈ તથા સંધ કાર્યકર ચેતનભાઈ (જસવંતપુરા કંપા)એ ગામના સરપંચ તથા તલાટીની મુલાકાત લીધી હતી. જસવંતપુરા ગામના સરપંચ તથા તલાટીને આજરોજ ૧૦૦ કીલો બટાકા તથા ટામેટા આપીને છેવાડીયા ગામને આગામી જેટલી જરુરીયાત જણાશે તેટલી લીલી શાકભાજી તથા અન્ય ચીજવસ્તુની પણ સહાય કરવા માટે હંમશા તૈયાર રહીશું તેમ જણાવેલ.

મોડાસા તાલુકાના સરડોઈમાં કોરોના વાઈરસની સામે રોગ પ્રતિકારક શક્તિને મજબુત કરવા માટે ગુરુવારે સવારે બાપા સીતારામ પરિવારના ગુણવંતગિરિ ગૌસ્વામી, ચિરાગ ગૌસ્વામી અને મહેન્દ્રભાઈ ઉર્ફે બકાભાઈ નાયક વગેરે દ્વારા આયુર્વેદિક ઉકાળાનુ વિતરણ કરવામાં આવ્યુ.

ભિલોડા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ભિલોડા,તા.૨૪

ભિલોડા પોલીસ સ્ટેશન પરીસરમાં મુસ્લીમ સમાજનો તહેવાર રમજાન માસ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.હિન્દુ-મુસ્લીમ સમાજના બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા. પી.એસ.આઈ. કે.કે. રાજપુતએ લોકડાઉન પાર્ટ-૨ સંદર્ભે જરૂરી સુચનાઓ આપી હતી.મુસ્લીમ સમાજના બિરાદરોએ ઘરે બેસીને નમાજ અદા કરે અને ઘરેથી કોઈ પણ વ્યક્તિ બહાર નીકળવાની કોશિષ ન કરે. રાજકીય સામાજીક આગેવાનો સહિત હિન્દુ-મુસ્લીમ સમાજના બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા. કોરોના વાયરસનું જોખમ ખુબ જ ગંભીર હોઈ મહામારી પર કાબુ મેળવવાનો એક માત્ર ઉપાય છે. ઘરમાં સુરક્ષીત રહીએ, જાહેરનામાનો ચુસ્ત અમલ કરીએ, લૉકડાઉનનો ચુસ્ત અમલ કરીએ, પરીવારને સ્વસ્થ, સુરક્ષીત રાખીએ, સંયમ જાળવવા અને ઘરોમાં જ રહેવા અપીલ કરાઈ હતી. પોલીસ કર્મીઓને સાથ સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

આઈ.એમ.એ. મોડાસાએ ડોક્ટરો પર થઈ રહેલી હિંસાનો વિરોધ કરવા "વ્હાઈટ એલર્ટ"માં મીણબત્તી સળગાવી

વિશ્વમાં વ્યાપેલી કોરોના વાયરસ નામની મહામારી સામેનો સૌથી મોટો લડવૈયો હોય તો તે છે ડૉક્ટર પરંતુ ડૉક્ટર સામે અનેકવાર શાબ્દિક હિંસા કે હુમલા થવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થતા. જેની સામે વિરોધમાં ગુજરાત સહિત દેશભરનાં ડૉક્ટોએ કેન્દ્ર સરકાર સામે ખરડો પસાર કરવાની માંગ સાથે ગુજરાત સહિત દેશભરના ડોક્ટરો ૨૨ એપ્રિલે 'વ્હાઈટ એલર્ટ' અને ૨૩ એપ્રિલે 'બ્લેક ડે' નક્કી કરવામાં આવ્યું હતું કેન્દ્ર સરકારે તબીબો પર હુમલા વધતા તબીબોની માંગણી સ્વીકારી ૧૨૩ વર્ષ જુના એપેડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭માં સુધારો કરી આરોગ્યકર્મી પર હુમલો કરનાર સામે ૭ વર્ષ સુધીની કેદ અને ૫ લાખનો દંડ નવો કાયદો અમલમાં લાવવામાં આવ્યો છે. આઈએમએ મોડાસાના તબીબોએ મીણબત્તી સળગાવી "વ્હાઈટ એલર્ટ" વિરોધ નોંધાવ્યો હતો જ્યારે શખ્ત કાયદો પસાર થતા કાળી પટ્ટી ધારણ કરી કરવાનો વિરોધ પડતો મુકવામાં આવ્યો હતો.

આ અંગે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન મોડાસાના પ્રમુખ દિવ્યાંગ પટેલના જણાવ્યા અનુસાર પ્રવર્તમાન સ્થિતિમાં ડૉક્ટરો જીવના જોખમે કાર્યરત હોવા છતાં તેમને અવારનવાર હિંસા-અપશબ્દોનો સામનો કરવો પડે છે.

મોડાસા નગરપાલિકાની અનોખી ભેટથી રોજમદારોના ચહેરા પર ખુશી

૨૩ કિલોગ્રામની ૨૦૦ કરીયાણા કીટ વિતરણ

મોડાસા, તા. ૨૨

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં

પોતાના જાનના જોખમે કામ કરી રહેલા મોડાસા નગરપાલિકાના વિવિધ વિભાગોના કોરોના વોરિયર્સને ૨૩ કિલોની કરિયાણાની ૨૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરમાં સફાઈ કરી સ્વચ્છતા રાખતાં તેમજ પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ, સેનીટાઈઝેશન, ફાયર જેવી આવશ્યક સેવા પૂરી પાડતા અને ઓછી આવક ધરાવતા મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો, રોજમદારો, મજૂરોને કોરોના વાયરસ જેવી ગંભીર પરિસ્થિતિમાં મદદ પૂરી પાડવાના હેતુ સાથે નગરપાલિકાના કર્મચારીઓ અને નગરપાલિકા સાથે વ્યાવસાયિક રીતે જોડાયેલા લોકો, દાતાઓના સહયોગથી એક મહિનો ચાલે તેટલા રાશનની ૨૩ કિલોગ્રામની ૨૦૦ જેટલી કીટ તૈયાર કરી આપવામાં આવતા કોરોના વોરિયર્સમાં આનંદ છવાયો હતો.

નગરપાલિકા ચીફ ઓફિસર જીગ્નેશ બારોટના જણાવ્યા અનુસાર રોજમદારને આપવામાં આવેલ કરીયાણા કીટ માટે કોઈપણ સરકારી ગ્રાન્ટ કે સ્વ-ભંડોળમાં ખર્ચ પાડ્યા સિવાય પોતાના સાથી કર્મચારીઓને મદદ પુરી પાડવાના હેતુથી લોકભાગીદારીથી કીટની સાધનસામગ્રી એકઠી કરી જાતે જ કીટ તૈયાર કરી કર્મચારીઓમાં વિતરણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

પાલનપુર તાલુકાના ચડોતર ગામે માસ્ક પહેરવાનું કહેતા પોલીસકર્મી પર યુવકનો હુમલો

પાલનપુર તાલુકાના ચડોતર ગામે માસ્ક પહેરવાનું કહેતા પોલીસકર્મી પર યુવકનો હુમલો

પાલનપુર

કોરોના વાયરસની મહામારી વચ્ચે લોકડાઉનનું ચુસ્તપણે પાલન કરાવવા જતા ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ પર હુમલાના બનાવો સામે આવી રહ્યા છે. જેમાં ગુરૂવારે પાલનપુર તાલુકાના ચડોતર ગામમાં મોઢા પર માસ્ક બાંધ્યા વગર બાઈક પર નીકળેલા યુવકને માસ્ક બાબતે પૂછપરછ કરતા પોલીસકર્મી પર હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

રાજ્યભરમાં હાલમાં કોરોના વાયરસની મહામારીને પગલે લોકડાઉન ચાલી રહ્યું છે.અને લોકડાઉનનો ચુસ્તપણે અમલ થાય તે માટે પોલીસ દ્વારા સતત ખડેપગે ફરજ બજાવવામાં આવી રહી છે. ત્યારે લોકડાઉન ચુસ્તપણે અમલ કરાવતા પોલીસકર્મીઓ પર હુમલા ઓના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. જ્યાંપશ્ચિમ કચ્છ ભુજ ખાતે પોલીસમાં ફરજ બજાવતા અને હાલમાં પાલનપુર તાલુકા પોલીસ મથક વિસ્તારમાં ચડોતર ગામમાં મિતેષકુમાર રમેશભાઈ ચૌહાણ (લોકરક્ષક) પોતાની ફરજ પર હાજર હતા.

દરમિયાન ચડોતર ગામના સમીરભાઈ સફીકભાઈ માણસીયા નામનો યુવક તેનું બાઈક લઈ મોઢા પર માસ્ક બાંધ્યા વગર ગામમાં ફરતો હોઈ પોલીસકર્મી મિતેશભાઈ તેને પેટ્રોલપંપ પાસે રોકી બિનજરૂરી બહાર નીકળવા બાબતે તેમજ મોઢા પર માસ્ક ઢાંક્યા વગર પસાર થવા બાબતે પૂછપરછ કરતા ઉપરોક્ત યુવક પોલીસકર્મી પર ઉશ્કેરાઈ ગયો હતો. અને પોલીસ કર્મી પર હુમલો કરી ગડદાપાટુનો માર મારી ઝપાઝપી કરી પોલીસકર્મીના ડ્રેસના બટન પણ તોડી નાખ્યા હતા અને હાનિ પહોંચાડવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી કોરોના વાયરસનો ફેલાવો થાય તેવું કૃત્ય કરતાં સમગ્ર મામલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ચડોતર ગામના સમીરભાઈ સફીકભાઈ માણસીયા સામે પોલીસકર્મી મિતેશભાઈએ ફરિયાદ નોંધાવી બનાવ સંદર્ભે વધુ તપાસ પાલનપુર તાલુકા પી.એસ.આઈ એમ.કે.ઝાલા દ્વારા હાથ ધરાઈ છે.

સરડોઈમાં સેવાભાવી યુવાનો દ્વારા નિશુલ્ક માસ્ક વિતરણ

મોડાસા, તા. ૨૩

મોડાસા તાલુકાના સરડોઈમાં કોરોના પોઝિટિવ કેસ હોવાનું જાહેર કર્યા પછી આસપાસના ગામમાં દહેશતનો

માહોલ છે. જે દર્દી પોઝિટિવ બતાવાય છે તે મોસાળ કુશ્કીમાં આવ્યો હતો અને ત્યાંજ લક્ષણ દેખાય હતા અને તે ઘણા લાબા સમયથી સરડોઈમાં ન હોવા છતાં પ્રજામાં ડરનો માહોલ છે. સંક્રમિત વાઈરસ ના ફેલાય તે માટે માસ્ક ફરજિયાત બનાવાયા છે જેથી સરડોઈના વતની અને મોડાસા શહેર ભાજપ યુવા મોરચાના કાર્યકર મનન ગૌસ્વામી, સંયમગિરિ ગૌસ્વામી વગેરે યુવાનો દ્વારા કોરોનાથી બચવા માટે ઘરે ઘરે જઈ નિશુલ્ક માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને લોકો સોશીયલ ડિસ્ટન્સ જાળવે તેવી અપીલ કરવામાં આવી હતી.